ટાઈટેનિક

ખોવાઇ ગયું અને મળી ગયું

જુડી ડોનેલી

ચિત્ર: કીથ કોહલર

ટાઈટેનિક

ખોવાઈ ગયું અને મળી ગયું

જુડી ડોનેલી

ચિત્ર: કીથ કોહલર

1

અજાયબ જહાજ

10 એપ્રિલ, 1912.

સમગ્ર દુનિયા એક અદ્‌ભૂત નવા જહાજ વિષે વાત કરી રહી છે. એનું નામ ટાઈટેનિક છે.

આ જહાજ સમુદ્ર પાર એની પહેલી યાત્રા પર નીકળવા માટે તૈયારી કરી રહ્યું છે. એ ઇંગ્લેન્ડથી અમેરિકા સુધીની યાત્રા કરશે.



સમાચારપત્રોએ ટાઈટેનિકને "અદ્ભૂત જહાજ" તરીકે ઓળખાવ્યું. એમના મતે એ એક તરતા મહેલ જેવું હતું. ટાઈટેનિકમાં રેસ્ટોરેન્ટ, એક ટપાલ કચેરી અને એક જીમ જ્યાં સવારી કરવા માટે એક રમકડાંનો ઊંટ પણ હતો.

આ ચિત્ર જહાજનું ક્રોસ-સેક્શન (પ્રાતિનિધિક નમૂનો) બતાવે છે - જાણે એને ચીરી નાખ્યું હોય. આલીશાન રૂમો ઉપરના ડેક પર છે. સૌથી નીચલા ડેક પર તમે સ્ક્વોશ કોર્ટ અને તરણ હોજ જોઈ શકો છો.



ટાઈટેનિક અત્યાર સુધીનું સૌથી મોટું જહાજ છે. એ લગભગ ચાર બ્લોક લાંબુ છે અને અગિયાર માળના મકાન જેટલું ઊંચું છે.

સૌથી સારી વાત એ છે કે વિશેષજ્ઞોનું કહેવું છે કે ટાઈટેનિક અત્યાર સુધીનું સૌથી સુરક્ષિત જહાજ છે. એ કહે છે કે એ ડૂબી ન શકે. કેમ? જહાજને એક તળિયું નથી - એને બે તળિયા છે. એકની અંદર બીજું છે.

ટાઈટેનિકનો સૌથી નીચલો ભાગ સોળ જળાભેદ્ય કમ્પાર્ટમેન્ટસ (ખંડ) માં વિભાજીત થયેલો છે. એક ખંડમાં પાણી ભરાવા લાગે, તો કપ્તાન એક સ્વીચ દબાવી શકે છે. એનાથી એક મોટો સ્ટીલનો દરવાજો બંધ થઇ જાય. પાણી ત્યાંજ બંધ થઇ જાય. અને પાણી જહાજના બીજા હિસ્સામાં ભરાઈ ન શકે. બે, ત્રણ કે ચાર ખંડ પાણીથી ભરાઈ જાય, તો પણ ટાઈટેનિક જહાજ તરતું રહેશે.

ટાઈટેનિકનું બીજું એક ઉપનામ છે - "અમીર લોકોનું વિશેષ જહાજ". દુનિયાના થોડા સૌથી અમીર લોકો ટાઈટેનિકમાં પ્રવાસ કરી રહ્યા છે. એના ટિકિટની કિંમત એક નાવિકના આખા જીવનની કમાણી કરતા પણ વધારે છે.

બધા યાત્રી અમીર નથી. થોડા પાસે બહુ ઓછા પૈસા છે. એ મોજ-મસ્તી માટે યાત્રા નથી કરતા. એ અમેરિકામાં એનું નવું ઘર શોધવા જઈ રહ્યા છે.

આખરે એ ખાસ પળ આવી ગઇ. ટાઈટેનિક રવાના થવા તૈયાર છે!

કિનારા પર ભીડ જમા છે. ઝંડા લહેરાઇ રહ્યા છે. બેન્ડ વાગી રહ્યું છે.

યાત્રી ડેક પર આવી ગયા છે. એ એના મિત્રોને આવજો કરી રહ્યા છે.

એન્જીન ઘરઘરાટી કરી રહ્યા છે. ધીરે-ધીરે જહાજ બંદરમાંથી બહાર નીકળી રહ્યું છે. ટાઈટેનિકે એની પહેલી યાત્રા શરુ કરી દીધી છે.

કોઇને અંદાજ ન હતો કે આ એની આખરી યાત્રા પણ હશે.



2
તરતો હિમપર્વત

આ 14 એપ્રિલ, 1912 છે. ટાઈટેનિક કેનેડાના તટ પાસે બર્ફીલા પાણીમાં છે.

લગભગ અડધી રાત થઇ ગઇ છે. જહાજ શાંત છે. સમુદ્ર કાંચ જેવો સાફ છે. કડકડતી ઠંડી હવા છે.

યાત્રીઓએ સરસ ભોજન કર્યું છે. એમાંથી થોડા હજી પત્તા રમી રહ્યા છે. મોટા ભાગના એના રૂમમાં સૂઈ રહ્યા છે.

રાત અંદર રહેવા માટે સારી છે. પણ ચોકીદારે સાવધાન રહેવું પડશે. એ જહાજની ઉપર ક્રૉસ-નેસ્ટ (મોટી ડોલકાઠી પર ચોકીદારનું બેસવાનું પીપ) માં ઉભો છે. એ અંધારામાં જોઇ રહ્યો છે.

અચાનક ચોકીદારને એક કાળી આકૃતિ દેખાય છે. એ હિમપર્વત છે! અને ટાઈટેનિક સીધું એના તરફ આગળ વધી રહ્યું છે! ચોકીદાર એલાર્મ વગાડે છે. એ ચીસ પાડે છે, " હિમપર્વત સીધો આગળ!"

એક નાવિક નીચે જહાજને ચલાવી રહ્યો છે. એ જહાજને વાળવાની કોશિશ કરે છે. પણ ત્યાં સુધીમાં બહુ મોડું થઇ ગયું છે.

વિશાળ હિમપર્વત જહાજના પડખે ઘસાઈ રહ્યો છે.

એક ધક્કાનો અવાજ આવે છે. ઘસાવાનો અવાજ. એ અવાજ બહુ મોટો નથી. થોડા લોકોને તો એની ખબર પણ પડતી નથી.

પણ કપ્તાન એના રૂમમાંથી જલ્દીથી બહાર આવે છે. એ નીચે જાય છે. એ જોવા ચાહે છે કે જહાજને કોઇ નુકસાન તો નથી થયું ને. થોડા સમયમાં એને ભયાનક સચ્ચાઇની ખબર પડે છે.

હિમપર્વતે જહાજને બહુ ખરાબ રીતે નુકસાન પહોંચાડયું છે. પાણી અંદર ઘુસી રહ્યું છે. પાંચ જળાભેદ્ય કમ્પાર્ટમેન્ટસ (ખંડ) માં પાણી ભરાઈ ચુક્યા છે. અને એ બહુ વધારે છે. હવે કંઇ થઇ શકે એમ નથી.

આ અશક્ય લાગે છે. પણ એ સાચું છે. ટાઈટેનિક ડૂબવાનું છે!



કપ્તાન આદેશ આપે છે. યાત્રીઓને જગાવો! રેડીઓ પર મદદ માંગો! અને લાઈફબોટ તૈયાર રાખો!

કપ્તાન ડરી ગયો છે. એ જાણે છે કે જહાજ પર 2,227 લોકો છે. અને એમાંથી ફક્ત 1,100 લોકો માટે જ પર્યાપ્ત લાઈફબોટ છે.

યાત્રીઓને એની ખબર નથી. જેવા લોકો ડેક પર આવે છે, એ હંસી-મજાક કરે છે. થોડા લોકોએ ગાઉન પહેર્યો છે. થોડા લોકોએ પાયજામા ઉપર લાઈફ-જૅકેટ પહેર્યું છે. પણ એ ચિંતિત દેખાતા નથી. એને હજી એવું લાગી રહ્યું છે કે એ એક એવા જહાજ પર છે જે ડૂબી નથી શકતું.

લાઈફબોટમાં ચઢો, નાવિક એમને કહે છે. મહિલાઓ અને બાળકો પહેલા ચઢે. પુરુષો ત્યારે ચઢે જો જગ્યા હોય તો.

ઘણા એમાં ચઢવા ચાહતા નથી. મોટું જહાજ બહુ સુરક્ષિત લાગે છે. નાની લાઈફબોટ સુરક્ષિત નથી લાગતી.

નાવિક ઉતાવળમાં છે. એને ખબર છે કે એ મોટી મુસીબતમાં છે. એ લોકોને ઉતાવળથી લાઈફબોટમાં ચઢાવે છે. થોડી અડધી જ ભરાણી છે, પણ નાવિક તો પણ એને નીચે ઉતારે છે.

ઘણા યાત્રી લાઇફબોટથી દૂર છે. એનું નસીબ ખરાબ છે. એના રૂમ નીચે છે. એને પણ ખબર છે કે મુસીબત આવી છે. પણ એને ખબર નથી કે ક્યાં જવાનું છે. થોડા લોકો રસ્તો શોધવાનો પ્રયત્ન કરે છે. એ ઉપર અને નીચે હોલમાં જાય છે. થોડા લોકોની નાવિક મદદ કરે છે. મોટા ભાગના નીચે જ રાહ જુએ છે.

રેડીઓ રૂમમાં ઓપરેટર મદદ માટે બોલાવે છે. બીજા જહાજ ઉત્તર આપે છે. પણ એ ઘણા માઈલ દૂર છે.

એક જહાજ વધારે દૂર નથી. એનું નામ કેલિફોર્નિયન છે. આ જહાજ ટાઇટેનિકથી ફક્ત દસ માઈલ દૂર છે. એ ડૂબતા જહાજ સુધી મિનિટોમાં પહોંચી શકે છે અને બધાને બચાવી શકે છે.

ટાઇટેનિકનો ઓપરેટર વારે-વારે મદદ માટે બોલાવે છે. પણ કેલિફોર્નિયન જવાબ આપતું નથી. મોડી રાત થઈ ગઈ છે અને જહાજનો રેડીઓ બંધ છે. જહાજ પર કોઈ પણ મદદનો કોલ સાંભળતું નથી.

ટાઇટેનિક કેલિફોર્નિયનને સંદેશો મોકલવાની કોશિશ કરે છે. એ આતશબાજી જેવા દેખાતા રોકેટ છોડે છે. કેલિફોર્નિયનના નાવિક રોકેટ જુએ છે. પણ એ સમજી શકતા નથી કે ટાઇટેનિક મુશ્કેલીમાં છે. એટલે એ આવતા નથી.



ટાઇટેનિક પર બેન્ડ વાગી રહ્યું છે. સંગીત ઉલ્લાસમય છે. પણ લોકો હવે ડરેલા છે. એના પગ નીચે ડેક હવે ત્રાંસુ થતું જાય છે.

જહાજ વધારે ત્રાંસુ થઈ રહ્યું છે. નીચલા ડેક પાણીમાં ડૂબી ગયા છે.

બે લાઈફબોટ બચી છે, પણ નાવિક એને છૂટી કરી શકતા નથી. સેંકડો-હજારો લોકો હજી પણ જહાજ પર છે. અને એમને પણ ખબર પડી ગઈ છે કે અંત નજીક છે.

એક વયસ્ક દંપતી હાથ પકડીને ઉભું છે. પત્ની એના પતિને છોડશે નહીં. એક માણસ એના સૌથી સારા કપડાં પહેરે છે. "હું એક સજ્જન વ્યક્તિની જેમ મરીશ," એ કહે છે.

થોડા લોકો બર્ફીલા પાણીમાં કૂદી જાય છે. થોડા ભાગ્યશાળી છે. એ એક લાઈફબોટ સુધી પહોંચી જાય છે.





લાઈફબોટમાં રહેલા લોકો ટાઇટેનિકથી દૂર જતા રહે છે. બધા એ સુંદર જહાજને જોઈ રહ્યા છે. એની રોશની ઝગમગી રહી છે. પાણીમાં જીવંત સંગીત ગુંજી રહ્યું છે.

ત્યાં સંગીત બદલાઈ જાય છે. બેન્ડ એક દુઃખી ધૂન વગાડે છે.

વિશાળ જહાજનો એક છેડો ધીરે-ધીરે સમુદ્રમાં સરકે છે. સંગીત બંધ થઈ જાય છે. જોરદાર ગર્જના થાય છે. લાખો ચિનગારીઓ હવામાં ઉડે છે. જહાજનો બીજો છેડો સીધો ઉપર ઉઠે છે. એક પળ માટે ટાઇટેનિક તારા તરફ તાકી રહે છે. પછી એ કાળા પાણીમાં ગાયબ થઈ જાય છે.



3

ફરી ક્યારેય નહીં

15 એપ્રિલની સવારના 2:20 વાગી રહ્યા છે.

ટાઇટેનિક જતું રહ્યું છે.

લાઈફબોટમાં બેસેલા લોકો અંધારામાં તાકે છે. આકાશ તૂટતા તારાઓથી ભરાયેલું છે. પણ અંધારું છે. અને કડકડતી ઠંડી છે.

મોટા ભાગની લાઈફબોટ એક-બીજાથી દૂર જતી રહી છે. લોકો બસ રાહ જુએ છે. અને એ ગરમ રહેવાની કોશિશ કરે છે. થોડા લોકો પાસે ફરના કોટ છે. થોડા લોકોએ બાથરોબ (સ્નાનવસ્ત્ર) અને ચપ્પલ પહેર્યા છે. એક માણસ ફક્ત એના અંદરના કપડાંમાં છે. સૌથી વધારે ઠંડી એ લોકોને લાગી રહી છે જે જહાજમાંથી કૂદીને નાવ સુધી તરીને પહોંચ્યા છે. એના વાળ અને કપડાં બરફને લીધે જામી ગયા છે.

એક લાઈફબોટ ઉંધી થઈ ગઈ છે. લગભગ ત્રીસ માણસો એની ઉપર ઉભા છે. નાવને ડૂબતી બચાવવા એ એકથી બીજી બાજુ ઝૂકી રહ્યા છે. બર્ફીલી લહેરો એના પગને ટકરાય છે.



એક લાઈફબોટ મદદ કરવાની કોશિશ કરવા પાછી આવે છે. એ એક માણસને બચાવી લેય છે. એ એક લાકડાના દરવાજા પર તરી રહ્યો છે. એમને બીજા લોકો મળતા નથી. બર્ફીલા પાણીમાં કોઈ વધારે વાર ટકી શકતું નથી.

કલાકો વીતી જાય છે. આકાશમાં ઉજાસ થતો જાય છે. એવું લાગે છે જાણે મદદ ક્યારેય આવશે જ નહીં. ત્યાં અચાનક એક રોશની ચમકે છે. પછી બીજી. એ એક જહાજ છે - કાર્પેથિયા. એ અઠ્ઠાવન માઈલ દૂરથી આવ્યું છે.

બધા હાથ હલાવે છે અને ચિત્કાર કરે છે. એ મશાલ સળગાવે છે. એ કાગળ, રૂમાલ - કંઈ પણ સળગાવે છે. એ જહાજવાળા એને જુએ એવું કરવા ચાહે છે.

સૂરજ ઉગવા લાગે છે. ચારે બાજુ હિમપર્વત છે. બચાવ જહાજ એક હિમપર્વત સાથે લગભગ ટકરાઈ જાય છે, પણ સમયસર વળી જાય છે. જહાજ લાઈફબોટ તરફ આગળ વધે છે.

આખરે મદદ આવી જ ગઈ.

બધાની નજર બચાવનારા જહાજ પર છે. એક પછી એક નાવમાંથી લોકોને જહાજ પર ચઢાવવામાં આવે છે. સમુદ્ર તોફાની છે અને એ કામ માટે ઘણા કલાક લાગે છે. પણ આખરે બધા સુરક્ષિત છે.



થોડા સમયમાં દુનિયાભરમાં સમાચાર ફેલાઇ જાય છે. ડૂબી ન શકે એવું ટાઇટેનિક ડૂબી ગયું છે. 2,200 થી વધારે લોકો રવાના થયા. કેવળ 705 ને બચાવવામાં આવ્યા.

કેવી રીતે? કેમ? કોઇ સમજી શકતું ન હતું.

જયારે બચાવનારું જહાજ ન્યુયોર્ક પહોંચે છે, તો ચાલીસ હજાર લોકો રાહ જોઇ રહ્યા હોય છે. ટાઇટેનિકના બચી ગયેલા લોકો એની આપવીતી કહે છે.

દુનિયાને સચ્ચાઇની ખબર પડે છે. સૌથી સુરક્ષિત જહાજ પણ વાસ્તવમાં જરાય સુરક્ષિત ન હતું.

ટાઇટેનિક માટે બહુ મોડું થઇ ચૂક્યું હતું. પણ બીજા જહાજો માટે મોડું થયું ન હતું.

નવા સલામતીના કાયદા બનાવવામાં આવ્યા. ઘણા ફેરફાર કરવામાં આવ્યા.

આજે દરેક જહાજમાં દરેક યાત્રી માટે પર્યાપ્ત લાઇફબોટ હોવી જોઇએ. અને દરેક જહાજમાં લાઇફબોટનો અભ્યાસ પણ હોય છે જેનાથી લોકો જાણી શકે કે દુર્ઘટના થાય ત્યારે શું કરવું.

4
આખરે મળ્યું

વરસો વીતી ગયા. ટાઇટેનિક ઘણા માઇલ નીચે કાળા, બર્ફીલા, ઠંડા પાણીમાં પડયું હતું.

કોઇ પણ મરજીવો આટલા ઊંડા પાણીમાં જઇ શકતો ન હતો. અને કોઇ જહાજને શોધી પણ ન શક્યું. નીચે આપેલો નકશો તમને બતાવે છે કે ટાઇટેનિક આશરે ક્યાં ડૂબ્યું હતું.



જહાજના રેડીઓ ક્યારેય બંધ ન કરી શકાય. મદદ માટેનો દરેક કોલ સાંભળવામાં આવે છે.

અને હવે એક વિશેષ હિમપર્વત માટેની ચોકિયાત ટૂકડી છે. ચોકિયાત વિમાન હિમપર્વતો પર નજર રાખે છે. એ જહાજોને ચેતવણી આપે છે. હવે કોઇ પણ હિમપર્વત કોઇ જહાજને ઊંઘતા નહીં ઝડપી શકે.

ટાઇટેનિક જહાજ એક ભયંકર ક્ષતિ હતું. પણ દુનિયાએ એમાંથી પાઠ ભણ્યો.

થોડા લોકોને લાગ્યું કે ટાઇટેનિક જહાજ ચગદાઈ ગયું હતું. એમણે કહ્યું કે કદાચ એના લાખો ટૂકડા થઇ ગયા હશે.

તો પણ ખજાનાની શોધ કરવાવાળા એ અદ્‌ભૂત જહાજના સપના જોતા રહ્યા. એમને ખાતરી હતી કે એમાં સોનુ છે - અને હીરા-મોતી પણ.

રોબર્ટ બેલાર્ડ નામની એક વ્યક્તિએ પણ ટાઇટેનિકનું સપનું જોયું હતું. રોબર્ટ એક વૈજ્ઞાનિક હતો. એણે મહાસાગરોનું અધ્યયન કર્યું હતું.

રોબર્ટ મેસાચુસેટ્સના વુડ્સ-હોલની પ્રસિદ્ધ પ્રયોગશાળામાં કામ કરતો હતો. એને ખજાનાની કોઇ પરવા ન હતી. એ બસ જહાજને શોધવા ચાહતો હતો. એણે એના વિષે વર્ષો સુધી વિચાર કર્યો.

રોબર્ટે એક ખાસ આવિષ્કાર કર્યો હતો. એ એક પ્રકારનો પાણીની નીચે જઇ શકે એવો રોબોટ હતો. એનું નામ આર્ગો હતું.

આર્ગો ઘણી ઊંડાઇ સુધી ડૂબકી મારી શકતો હતો. એમાં રોશની અને એક વિડિઓ કેમેરા હતા. એ સમુદ્રના તળિયે ધીમેથી સરકી શકતો હતો. એ પાણીની નીચે વિડિઓ ફોટા લઇ શકતો હતો. અને એને એ જહાજ પર લગાવેલા ટીવીના પડદા પર મોકલી શકતો હતો.

રોબર્ટે ટાઇટેનિક વિષે બધું વાંચ્યું. એણે નકશા અને ફોટા જોયા. આખરે એ તૈયાર થઇ ગયો. એને લાગ્યું કે એ જાણતો હતો કે એ રહસ્યમય જહાજ ક્યાં રાહ જોઇ રહ્યું છે.

1985 ના ઉનાળામાં, રોબર્ટ ઉત્તર તરફ ન્યુફાઉન્ડલેન્ડ માટે રવાના થયો. એ વૈજ્ઞાનિકોની એક ટુકડી સાથે ગયો. એ આર્ગો ને પણ સાથે લઇ ગયો.

રોબર્ટે આર્ગોને શિકાર પર મોકલ્યો. એને એના પગ પણ ભીના કરવા ન પડયા. પણ એને ઘણું ધ્યાન રાખવું પડયું. ઘણા દિવસો સુધી આ જ સ્થિતિ રહી. એને ફક્ત રેતી જ દેખાતી રહી.

પછી આખરે સ્ક્રીન પર કંઈક અલગ દેખાયું. શું એ કોઈ જહાજ હતું? હા, હતું. એક વિશાળ જહાજ.

બીજા વૈજ્ઞાનિકો ખુશીથી ઝૂમી ઉઠયા. એમણે કરી દેખાડયું. એમણે ટાઇટેનિક શોધી લીધું હતું!



રોબર્ટને એની આંખો પર ભરોસો ન બેઠો. એવું લાગી રહ્યું હતું જાણે કોઈ ભૂત જોઈ રહ્યો હોય. ટાઇટેનિક સમુદ્રના તળિયે પડયું હતું. એ તૂટી ગયું હતું. પણ રોબર્ટ જોઈ શકતો હતો કે એ હજી પણ કેટલું સુંદર હતું.

દિવસો જતા રોબર્ટે જહાજને વધારે અને વધારે જોયું. એણે ક્રૉસ-નેસ્ટ જોયું જ્યાંથી ચોકીદારે પહેલી વાર હિમપર્વત જોયો હતો. રેતીમાં એક સુંદર કાંચની બારી હતી. જહાજના મોટા લંગર ત્યાં હતા. દારૂની બાટલીઓ અહીં-તહીં વિખરાયેલી હતી. અને સૂટકેસ પણ હતા.

એ અદ્‌ભૂત હતું. અને દુઃખદ પણ. આટલા બધા લોકો યાત્રાએ નીકળ્યા હતા. બહુ થોડા લોકો પાછા આવ્યા હતા.



આખરે રોબર્ટ ઘરે પાછો ફર્યો. એણે કોઈને કહ્યું નહીં કે એને ટાઇટેનિક જહાજ ક્યાં મળ્યું હતું. એ ચાહતો હતો કે જહાજ એવું જ રહે જેવું હતું. એ ચાહતો ન હતો કે ખજાનાની શોધ કરવાવાળા આવીને એને લૂંટે.

રોબર્ટ ટાઇટેનિક પર પાછો જવા ઈચ્છતો હતો. અને એક વરસ પછી એ ત્યાં ફરી ગયો. એણે ટાઇટેનિકના ડેક પર એક નાની સબમરીન (પાણડૂબી) ઉતારી. એણે જહાજની અંદર એક રોબોટ મોકલ્યો.

રોબર્ટે ત્યાંથી કંઇ લીધું નહીં. પણ એણે ત્યાં કશુંક છોડયું. એ એક સંદેશો હતો. એણે એને એ બધા માટે છોડયો જે ટાઇટેનિકને શોધી શકતા હતા. એમાં કહેવામાં આવ્યું હતું કે આ વિશાળ જહાજને શાંતિથી છોડી દેવામાં આવે.

દુનિયાભરના લોકો રોબર્ટના કામથી રોમાંચિત હતા. થોડા લોકો માટે, એ બહુ ખાસ હતું. એ લોકો ટાઇટેનિક પર સફર કરી ચુક્યા હતા.

ત્યારે એ નાના બાળક હતા. હવે એ બહુ વૃધ્ધ થઇ ગયા હતા.

પણ એ "ડૂબે નહીં એવા ટાઇટેનિક" ને પણ ભૂલ્યા ન હતા.

દુનિયા પણ એને ક્યારેય ભૂલશે નહીં.

ટાઇટેનિક

ખોવાઈ ગયું અને મળી ગયું

ટાઇટેનિક દુનિયાનું

અત્યાર સુધીનું

સૌથી વિશાળ જહાજ હતું.

લોકોનું કહેવું હતું કે એ

સૌથી સુરક્ષિત જહાજ પણ હતું.

પણ એની પહેલી યાત્રામાંજ

ટાઇટેનિક સમુદ્રના તળિયે ડૂબી ગયું!

આ ભયાનક ઘટના કેવી રીતે ઘટી?

અને હવે આ વિશાળ જહાજનો કાટમાળ ક્યાં છે?

આ રોમાંચક સાચી વાર્તામાં વાંચો.